ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ, મુન્દ્રા રોડ,
ભૂજ–કચ્છ – ૩૭૦૦૦૧
Email:- registrar.kskvku@gmail.com

ફોન (૦૨૮૩૨) ૨૩૫૦૦૨
web: www.kskvku.ac.in

રેફ.નં.: કયુ/ બી.ઓ.એમ.–મિનિટ્સ–૭/ ૨૦૨૫/ ૨૫૬ તા:–૨૦/૦૨/૨૦૨૫

પ્રતિશ્રી,
બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યશ્રીઓ તરફ,
કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

**વિષય:–** બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૮/૦૨/૨૦૨૫ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ મોકલવા બાબત.

માનનીયશ્રી,

સવિનય ઉપરોક્ત વિષયે જણાવવાનું કે, બોર્ડ ઓફ મેનેજમેન્ટની માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૧૮/૦૨/૨૦૨૫ના રોજ ૧૧:૦૦ કલાકે મળનાર મિટીગ તે જ દિવસે બપોરે ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનિટ્સ આ સાથે સામેલ રાખી મોકલી આપવામાં આવે છે. જે આપના ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ

કુલસચિવ

બિડાણ :– મિટીગની મિનિટ્સ

નકલ રવાના :–
૧. સંબંધિત વિભાગો તરફ યોગ્ય કાર્યવાહિ અર્થે.
૨. સંબંધિત ફાઈલે.

## ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા

# કચ્છ યુનિવર્સિટી

બોર્ડ ઓફ મેનેજમેન્ટની તા.૧૮/૦૨/૨૦૨૫ના રોજ ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ મિટીગની મિનિટ્સ નોંધ

આજ રોજ તા.૧૮/૦૨/૨૦૨૫ ના સવારે ૧૧ : ૦૦ કલાકે મળનાર મિટીંગ તે જ દિવસે બપોરે ૦૪:૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે માનનીય કુલપતિશ્રીની અધ્યક્ષતામાં મળેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હોદ્દો | હાજર/ ગેર હાજર |
|---|---|---|---|
| ૧. | ડૉ. મોહનભાઈ પટેલ<br>માનનીય કુલપતિશ્રી,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ૨. | ડૉ. મનોજભાઈ સોલંકી<br>પ્રતિષ્ઠિત વ્યકિતશ્રી<br>શ્રી રામકિષ્ણ ટ્રસ્ટ, કુકમા – કચ્છ | સભ્યશ્રી | હાજર |
| ૩. | પ્રો.(ડૉ) પી. એસ. હિરાણી<br>અધ્યક્ષશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૪. | પ્રો.(ડૉ) ડી. એમ. બકરાણીયા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ એજ્યુકેશન,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૫. | ડૉ. કલ્પનાબેન સતીજા<br>ડીનશ્રી, ફેકલ્ટી ઓફ આર્ટ્સ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | સભ્યશ્રી | હાજર |
| ૬. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના ડિપાર્ટમેન્ટ અધ્યક્ષશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૭. | ડૉ. પંકજ ઠાકર<br>આસી. પ્રોફેસરશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | હાજર |
| ૮. | ડૉ. મનીષાબેન બારડ<br>આસી. પ્રોફેસરશ્રી, ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટ, કચ્છ યુનિવર્સિટી, ભૂજ | સભ્યશ્રી | ગેર હાજર |
| ૯. | ખાલી<br>................................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |

| | | | |
|---|---|---|---|
| ૧૦. | ખાલી<br>.................................<br>સંલગ્ન કોલેજના અધ્યાપકશ્રી | સભ્યશ્રી | ખાલી |
| ૧૧. | શ્રી કેસરાભાઈ આર. પિંડોરીયા<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | ગેર હાજર |
| ૧૨. | શ્રી કિરણભાઈ બી. આહિર<br>ટ્રસ્ટીશ્રી, | સભ્યશ્રી | હાજર |
| ૧૩. | શ્રી રામભાઈ ગઢવી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | હાજર |
| ૧૪. | શ્રી કાન્તાબેન સોલંકી<br>નોંધાયેલ સ્નાતક | સભ્યશ્રી | ગેર હાજર |
| ૧૫. | પ્રો. (ડૉ.) વિજય વ્યાસ<br>એકેડમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | હાજર |
| ૧૬. | ડૉ. સી. એસ. ઝાલા<br>એકેડમિક કાઉન્સિલના સભ્યશ્રી | સભ્યશ્રી | ગેર હાજર |
| ૧૭. | પ્રો. (ડૉ.) મહેશ ઠક્કર<br>ડાયરેકટરશ્રી,<br>બી.એસ.આઈ.પી. (લખનઉ) | સભ્યશ્રી | ગેર હાજર |
| ૧૮. | ડૉ. અનિલ ગોર<br>કુલસચિવ<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | મેમ્બર સેક્રેટરીશ્રી | હાજર |

**કાર્યસૂચી :–**

૧. ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટની તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૧૮/૧૧/૨૦૨૪ તથા તા.૨૪/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ બહાલ રાખવા બાબતે.

**ઠરાવ નં.૦૧** **ગત બોર્ડ ઓફ મેનેજમેન્ટની તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલની તા.૧૮/૧૧/૨૦૨૪ તથા તા.૨૪/૧૨/૨૦૨૪ (સંયુક્ત મિટીગ) ના રોજ મળેલ મિટીગની મિનિટ્સ નોંધનું વાંચન કરવામાં આવેલ અને તે મિનીટ્સ નોંધ બહાલ રાખવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૨. ભવનોમાં હંગામી/ સેલ્ફ ફાયનાન્સ ધોરણે લાંબા સમયથી ફરજ બજાવતાં શૈક્ષણિક કર્મચારીશ્રીઓની તા.૧૦/૦૧/૨૦૨૫ વાળી અરજીથી ફુલ પગાર આપવા અત્રેને મળેલ રજૂઆત બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૦૨** **ભવનોમાં હંગામી/ સેલ્ફ ફાયનાન્સ ધોરણે લાંબા સમયથી ફરજ બજાવતાં શૈક્ષણિક કર્મચારીશ્રીઓની પગાર વધારા અનુસંધાને તા.૧૦/૦૧/૨૦૨૫ વાળી અરજી સંદર્ભે અન્ય બે–ત્રણ પબ્લિક યુનિવર્સિટીમાં અપાતાં પગારની માહિતી મેળવવી અને ત્યાર બાદ આ મુદ્દો આગળ વિચારણામાં લેવાનું નક્કી કરવામાં આવ્યું.**

૩. શ્રી શાહિલ ગોર– લેકચરૂર ની તા.૨૦/૧૧/૨૦૨૪ વાળી અરજી સબબ ચર્ચા–વિચારણા અને નિર્ણય.

(શ્રી શાહિલ ગોર કે જેઓ સેલ્ફ ફાયનાન્સ ધોરણે ભવનમાં ફરજ બજાવે છે. તેઓએ NET examination ૧૭/૧૦/૨૦૨૪ ના પાસ કરેલ છે. જે અનુસંધાને તેઓશ્રીએ ઉકત અરજીથી પગાર રીવાઝ કરવા માંગણી કરેલ છે.)

**ઠરાવ નં.૩** **શ્રી શાહિલ ગોર– લેકચરૂર (સેલ્ફ ફાયનાન્સ) NET examination પાસ કરી લીધેલ હોય તેઓને તા.૧૮/૧૦/૨૦૨૪ થી ઈજાફો રૂા.૧૦૦૦/– મળવાપાત્ર થાય છે. તા.૧૮/૧૦/૨૦૨૪ થી નિયમાનુસાર ઈજાફો ચૂકવવા મંજૂરી આપવામાં આવે છે.**

૪. કચ્છ યુનિવર્સિટીમાં વર્ષ–૨૦૨૪ થી કચ્છ વિસ્તારના જુદા–જુદા પાંચ સ્થળોએ શરૂ કરવામાં આવેલ એક્સ્ટેન્શન સેન્ટર ચલાવવા માટે જુદી–જુદી કંપની તથા સંસ્થામાંથી ફંડ મેળવવામાં આવે છે તથા આ સંદર્ભે વધુ ફંડ મેળવવા સી.એસ.આર. સર્ટીફિકેટની જરૂરીયાત છે. સી.એસ.આર.–૧ સર્ટીફિકેટ મેળવવાની પ્રક્રિયા કરેલ અને સર્ટીફિકેટ આવી ગયેલ હોઈ આગળની કાર્યવાહિ હાથ ધરવા બાબતે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૪** **એક્સ્ટેન્શન સેન્ટર ચલાવવા માટે જુદી–જુદી કંપનીઓ/ સંસ્થાઓ પાસેથી ફંડ મેળવવા સી.એસ.આર.–૧ સર્ટીફિકેટની જરૂરિયાત હોતાં તે સર્ટીફિકેટ મેળવવા નિયત પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ. જેના આધારે મિનીસ્ટ્રી ઓફ કોરપોરેટ અફેર્સ, ભારત સરકારમાંથી સી.એસ.આર. સર્ટીફિકેટ આવી ગયેલ છે. જેના અનુસંધાને કલેકટરશ્રી, કચ્છ–ભૂજ તથા પી.જી.વી.સી.એલ., ભૂજને સી.એસ.આર. ફંડ મંજૂર કરવા યુનિવર્સિટી દ્વારા પત્રવ્યવહાર કરવામાં આવેલ. આ ફંડ મેળવવા કલેકટરશ્રી, કચ્છએ અંગત રસ દાખવેલ છે અને એસ.પી.શ્રીએ પણ આ સંદર્ભે સહકાર બતાવેલ છે. સી.એસ.આર. ફંડ મેળવવા સંદર્ભે જરૂરી કાર્યવાહિ હાથ ધરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવાનું ઠરાવવામાં આવે છે.**

૫. કચ્છ યુનિવર્સિટીમાં હાલમાં ચાલી રહેલ હાઈકોર્ટ મેટરો/ કેસ સબબ જુદા–જુદા વકિલશ્રીઓ રોકવામાં આવેલ છે. કોર્ટ કેસો હેન્ડલ કરવા અન્ય યુનિવર્સિટીઓમાં એડવોકેટ પેનલ હોય છે એ જ રીતે આપણે ત્યાં પણ એડવોકેટ પેનલની રચના કરવા તથા તેમાં ઓડવોકેટશ્રીઓને નિયુકત કરવા બાબતે એકિઝકયુટીવ કાઉન્સિલ મારફતે એડવોકેટ પેનલ માટે આપવામાં આવેલ વકિલશ્રીઓના નામો બહાલ રાખવા તથા આગળની કાર્યવાહિ હાથ ધરવા ચર્ચા–વિચારણા અને મંજૂરી આપવા બાબત.

**ઠરાવ નં.૫** તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ એકિઝકયુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ નં.૦૩ થી લેવાયેલ નિર્ણય.

(અન્ય યુનિવર્સિટીમાં જે રીતે એડવોકેટ પેનલ હોય છે એ રીતે કચ્છ યુનિવર્સિટીમાં હાલમાં ચાલી રહેલ જુદા–જુદા કોર્ટ કેસો તથા હાઈકોર્ટ મેટરો માટે વકિલશ્રીઓની એડવોકેટ પેનલની રચના કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

કચ્છ યુનિવર્સિટી એડવોકેટ પેનલ

૧. શ્રી ઈન્દ્રવદન પરમાર, અમદાવાદ (કે જેઓ હાલમાં નોન ટીચિંગની હાઈકોર્ટ મેટર સંભાળે છે.)

૨. શ્રી અવિનાશ ઠક્કર, અમદાવાદ ( કે જેઓ હાલમાં પીએચ.ડી. અનુસંધાને હરપાલસિંહ ડી. જાડેજાની કોર્ટ મેટર સંભાળે છે.)

૩. શ્રી વિમલ પુરોહિત, અમદાવાદ (કે જેઓ હાલમાં ગ્રાન્ટ ઈન એઈડ લો કોલેજની કોર્ટ મેટર સંભાળે છે.)

૪. શ્રી દેવાંગ નાણાંવટી, અમદાવાદ (કે જેઓ હાલમાં ભરતી પ્રક્રિયા (એ.આર./ એસ.ઓ.) સંદર્ભે થયેલ કોર્ટ મેટર સંભાળે છે.)

૫. શ્રી સુધીર નાણાંવટી, અમદાવાદ

આપવામાં આવેલ ઉપર્યુક્ત પેનલના નામોને સર્વાનુમતે બહાલી આપવામાં આવે છે.

વધુમાં, લોકલ લેવલે વકિલશ્રીઓના નામોની પેનલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી રાજેન્દ્રસિંહ જાડેજા અને શ્રીમતી રેશ્માબેન ઝવેરી સૂચવશે એવું નકકી કરવામાં આવ્યું. જે પેનલને આગામી સભામાં મંજૂરી અર્થે રજૂ કરવામાં આવશે.)

**તા.૧૫/૦૨/૨૦૨૫ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભામાં લેવાયેલ નિર્ણય તથા યુનિવર્સિટી એડવોકેટ પેનલ માટે નકકી કરવામાં આવેલ નામો સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૬. ડૉ. હિતેશ જાની, ડાયરેકટર, એનિમલ વેલફેર બોર્ડ, ભારત સરકાર–દિલ્હીના તા.૨૩/૦૧/૨૦૨૫ ના બે પત્રોથી, કચ્છ વિસ્તારની ભૌગોલિક સ્થિતી તથા વનસ્પતિને ધ્યાનમાં રાખી "શ્રી જય કૃષ્ણ ઈન્દ્રજી ચેયર" તથા આજના સમયમાં ગાય અને ગૌવિજ્ઞાન ધ્યાનમાં રાખી "કામધેનુ ચેયર" શરૂ કરવા પ્રપોઝલ કરેલ છે. જે અનુસંધાને કચ્છ યુનિવર્સિટીમાં ઉકત બન્ને ચેયર શરૂ કરવા સંદર્ભે એક્ઝિક્યુટીવ કાઉન્સિલે લીધેલ નિર્ણયને માન્ય રાખવા ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૬** તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ નં.૦૮ થી લેવાયેલ નિર્ણય.

(ઉપરોકત બન્ને ચેયર (૧) "શ્રી જય કૃષ્ણ ઈન્દ્રજી ચેયર" તથા (૨) "કામધેનુ ચેયર" શરૂ કરવાની સર્વાનુમતે મંજૂરી આપવામાં આવે છે. સાથે જ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રી ડૉ. કલ્પેશ સોરઠિયા તથા શ્રીમતી રેશ્માબેન ઝવેરીને સંબંધિત ચેરના અમલીકરણ અન્વયે બનાવવામાં આવનાર સમિતિમાં મુકવા આથી ઠરાવવામાં આવે છે.)

**તા.૧૫/૦૨/૨૦૨૫ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભામાં લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે. બન્ને ચેયરનો સૈદ્ધાંતિક સ્વિકાર કરવામાં આવે છે અને ચેયર સંદર્ભે પ્રપોઝલ મળે આગળની કાર્યવાહિ હાથ ધરવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.**

૭. વેકેશન દરમ્યાન અધ્યાપકશ્રીઓને યુનિવર્સિટી દ્વારા કામકાજમાં રોકવામાં આવે તો તેઓને EL (અર્ન લીવ) મળવાપાત્ર છે. નિયત કરેલ કામગીરી/ ફરજ બજાવે તો તેઓશ્રીને EL આપવા

સંદર્ભે એક્ઝિક્યુટીવ કાઉન્સિલે લીધેલ નિર્ણય બહાલ રાખવા તથા આગળની કાર્યવાહિ હાથ ધરવા મંજૂરી આપવા અર્થે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૭** તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ નં.૦૯ થી લેવાયેલ નિર્ણય.

(કચ્છ યુનિવર્સિટીમાં નિયમીત પગાર ધોરણ પર ફરજ બજાવતાં કાયમી અધ્યાપકશ્રીઓ કે જેઓએ વેકેશનના સમયગાળા દરમ્યાન કચ્છ યુનિવર્સિટી દ્વારા લેખિતમાં થયેલ આદેશ પર કામગીરી (જેનું મહેનતાણું ચૂકવવામાં આવતું ન હોય) વેકેશન ન ભોગવીને કરેલ હોય તેઓને સરકારશ્રીના પ્રર્વતમાન નિયમોનુસાર E.L. (અર્ન લીવ) મળવા પાત્ર થશે.

વધુમાં, આપણે ત્યાં અધ્યાપકશ્રીઓ, કે જેઓએ વહિવટી અધિકારી તરીકેનો (કાર્યકારી- કુલપતિશ્રી, કુલસચિવશ્રી, પરીક્ષા નિયામકશ્રીના હોદ્દા પરનો) કાર્યભાર સંભાળેલ હોય તેઓને પણ વહિવટી હોદ્દા પરના દિવસો દરમ્યાન વેકેશન ન ભોગવેલ હોય તેવા કિસ્સામાં ઉપરોકત નિયમ અનુસાર E.L. મળવા પાત્ર થશે. જે E.L. (અર્ન લીવ) તેઓની સર્વિસબુકમાં ઉધારવાની રહેશે. જે અધ્યાપકશ્રીઓએ વેકેશન દરમ્યાન કામગીરી (જેનું મહેનતાણું ચૂકવવામાં આવતું ન હોય) કરેલ હોય તેઓએ આધાર–પૂરાવા સાથે મહેકમ વિભાગને લેખિતમાં જાણ કરવાની રહેશે. આમ, નિયમાનુસાર E.L. સંદર્ભે કરવાની થતી કાર્યવાહિ મહેકમ વિભાગે હાથ ધરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.)

**તા.૧૫/૦૨/૨૦૨૫ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભામાં E.L. સંદર્ભે લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે અને નિયમાનુસાર મળવાપાત્ર E.L. (અર્ન લીવ) સંબંધે કાર્યવાહિ હાથ ધરવાનું જણાવવામાં આવે છે.**

૮. પરીક્ષા તથા QPDS પદ્ધતિ સંદર્ભે સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા QPDS સાથે સંકળાયેલ સ્ટાફની તા.૦૪/૦૧/૨૦૨૫ના રોજ થયેલ મિટીગની મિનીટ્સ અનુસંધાને ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૮** તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ નં.૧૦ થી લેવાયેલ નિર્ણય.

(સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા QPDS સાથે સંકળાયેલ સ્ટાફની તા.૦૪/૦૧/૨૦૨૫ના રોજ થયેલ મિટીગની મિનીટસ સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે. આ સંદર્ભે આગળની કાર્યવાહિ હાથ ધરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.)

**તા.૦૪/૦૧/૨૦૨૫ના રોજ થયેલ મિટીગની મિનીટ્સ તથા તે સંદર્ભે તા.૧૫/૦૨/૨૦૨૫ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભામાં લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૯. વર્ષ –૨૦૨૪માં યોજાયેલ ૧૪માં પદવીદાન સમારોહની કરવામાં આવેલ પ્રક્રિયા, ટેન્ડર તથા થયેલ અંદાજિત ખર્ચ રૂા. ૧૪,૫૦,૦૦૦/– બહાલ રાખવા બાબતે

**ઠરાવ નં.૯** તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ નં.૧૧ થી લેવાયેલ નિર્ણય.

(૧૪માં પદવીદાન સમારોહ માટે ફાનાન્સ એન્ડ એકાઉન્ટ સમિતિમાં ૧૦,૦૦,૦૦૦/– રકમ મંજૂર કરવામાં આવેલ. પરંતુ સમારોહનો ખરેખર ખર્ચ રૂા.૧૪,૪૦,૦૦૦/– થયેલ છે. ડીગ્રીની આવક અંદાજે રૂા. ૨૮ લાખ થયેલ છે. જે જેતાં ખરેખર ખર્ચ મંજૂર રાખી બહાલી આપવામાં આવે છે.)

**તા.૧૫/૦૨/૨૦૨૫ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભામાં લેવાયેલ નિર્ણય બહાલ રાખવામાં આવે છે અને પદવીદાન સમારંભમાં થયેલ ખર્ચ રૂા. ૧૪,૪૦,૦૦૦/– મંજૂર રાખી આગળની કાર્યવાહી હાથ ધરવા મંજૂરી આપવામાં આવે છે.**

૧૦. યુનિવર્સિટીની આગામી માર્ચ–એપ્રિલ–૨૦૨૫ અને ઓકટો–નવે–૨૦૨૫ માં તથા એ શૈક્ષણિક વર્ષમાં લેવાનારી તમામ પરીક્ષાઓ QPDS online પદ્ધતિથી લેવા એક્ઝિકયુટીવ કાઉન્સિલ દ્વારા અપાયેલ મંજૂરીને બહાલ રાખવા તથા તે અનુસંધાને આગળની કાર્યવાહિ હાથ ધરવા મંજૂરી આપવા બાબત.

**ઠરાવ નં.૧૦** તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ એક્ઝિકયુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ નં.૧૨ થી લેવાયેલ નિર્ણય.

(QPDS પદ્ધતિથી પ્રશ્નપત્રની online ડિલીવરી તથા પ્રશ્નપત્ર પેપર સેટરો દ્વારા સોફટવેરમાં જ online કાઢવાના રહેશે જેની પરીક્ષા નિયામકશ્રી દ્વારા વિસ્તૃત સમજણ સભામાં આપવામાં આવ્યા બાદ પુખ્ત ચર્ચા–વિચારણાના અંતે યુનિવર્સિટીની આગામી માર્ચ–એપ્રિલ–૨૦૨૫ અને ઓકટો–નવે–૨૦૨૫ તથા એ શૈક્ષણિક વર્ષમાં લેવાનારી તમામ પરીક્ષાઓ તકેદારી પૂર્વક QPDS online પદ્ધતિથી લેવા મંજૂરી આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

વધુમાં પ્રશ્નપત્રો પણ અધ્યાપકશ્રીઓએ/ પ્રાશ્નિકોએ ફરજીયાત online software માં નિયત ફોરમેટ મુજબ કાઢીને આપવાના રહેશે તેવા નિર્ણયને પણ બહાલી આપવામાં આવે છે.)

**તા.૧૫/૦૨/૨૦૨૫ના રોજ મળેલ એક્ઝિકયુટીવ કાઉન્સિલની સભામાં લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

૧૧. કચ્છ યુનિવર્સિટી પ્રથમવાર NAAC મેળવવા જઈ રહી છે. જેના છેલ્લા સોપાનરૂપ NAAC PEER TEAM રૂબરૂ મુલાકાતે આવનાર હોઈ NAAC ની આગામી કરવાની થતી તૈયારીઓ સંદર્ભે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

**ઠરાવ નં.૧૧** તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ એક્ઝિકયુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ નં.૧૩ થી લેવાયેલ નિર્ણય.

(NAAC સંબંધિત કવોન્ટીટેટિવ એનાલીસસના ૭૦% અસેસમેન્ટની કામગીરી યુનિવર્સિટીએ મોકલેલ ડેટાના અભ્યાસ પરથી NAAC દ્વારા પૂર્ણ થઈ ગયેલ છે. બાકી રહેતી ૩૦% કામગીરીમાં QLM (કવોલીટેટીવ મેટ્રીક્સ) ની કામગીરી તેના અંતિમ તબ્બકામાં છે. જેમાં આપણાં રીપોર્ટમાં બતાવ્યાનુસાર સંસાધનોની ચકાસણી / સ્થળ નિરીક્ષણ વગેરે કરવામાં આવતું હોય છે. NAAC PEER TEAM ના ૫ થી ૭ સભ્યોની ટીમ ત્રણ દિવસ માટે રૂબરૂ મુલાકાતે યુનિવર્સિટીએ આવતી હોય છે. ટીમ સમક્ષ, તેઓની માંગણી અનુસારના આધાર–પૂરાવાઓ રજૂ કરવાના આવતા હોય છે, પ્રેઝનટેશન, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્ટાફ–વાલી–વિદ્યાર્થી સાથે મિટીંગો વગેરે કરવાનું થાય છે. ચર્ચા–વિચારણાના અંતે કચ્છ યુનિવર્સિટી પ્રથમવાર NAAC મેળવવા જઈ રહેલ હોઈ આ સંદર્ભે એક મોક રાઉન્ડ વિઝીટ કરાવીએ જેથી કોઈ ઉણપ રહી ગયેલ હોય તો તેનો ખ્યાલ આવી શકે તેવા માનનીય કુલપતિશ્રીના સૂચનને માન્ય રાખી મોક સમિતિ બોલાવવાનું નકકી કરવામાં આવ્યું. મોક સમિતિ આવે ત્યારે એક્ઝિકયુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહે તેવું નકકી કરવામાં આવ્યું. આ મોક સમિતિના સભ્યોના નામ નકકી કરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.)

**તા.૧૫/૦૨/૨૦૨૫ના રોજ મળેલ એક્ઝિકયુટીવ કાઉન્સિલની સભામાં લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે. વધુમાં સભામાં NAAC હાઈ પાવર કમિટીનો અહેવાલ રજૂ કરવામાં આવતા ચર્ચા–વિચારણાને અંતે રિપોર્ટમાં દર્શાવેલ વસ્તુઓ NAAC અનુસંધાને ઈમરજન્સીમાં ખરીદ કરવાની હોઈ કરકસર પૂર્વક નિયમોનુસાર ફાળવેલ બજેટમાં ખરીદ કરવા હાઈ પાવર કમિટીને મંજૂરી આપવાનું ઠરાવવામાં આવે છે.**

૧૨. તારીખ ૨૧ થી ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમ્યાન કચ્છ યુનિવર્સિટી ત્રિદિવસીય આંતર રાષ્ટ્રીય સ્તરની ઈકોનોમિકસ કોનફરન્સનું આયોજન કરવા જઈ રહી છે. જે અંગે એક્ઝિક્યુટીવ કાઉન્સિલની મળેલ મંજૂરને બહાલ રાખવા તથા આગળની કાર્યવાહિ હાથ ધરવા ચર્ચા–વિચારણા.

ઠરાવ નં.૧૨ તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ નં.૧૪ થી લેવાયેલ નિર્ણય.

(કચ્છ યુનિવર્સિટી ત્રિદિવસીય આંતર રાષ્ટ્રીય સ્તરની ઈકોનોમિકસ કોનફરન્સનું આયોજન કરવા જઈ રહી છે જેમાં અમેરિકાના ૦૩ તથા દેશભરમાંથી પ્રતિનિધિઓ પણ ભાગ લેનાર છે. કુલ મળી અંદાજે ૫૦૦ જેટલા પ્રતિનિધિઓએ રજીસ્ટ્રેશન કરાવેલ છે. ત્રિદિવસીય આ કોન્ફરસમાં રહેવા–જમવા, કીટ સહિતની તમામ વ્યવસ્થાઓ કરવાની થાય છે. જેના ખર્ચ પેટે અંદાજે રૂ.૫,૦૦,૦૦૦/– મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.)

**તા.૧૫/૦૨/૨૦૨૫ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભામાં કોન્ફરન્સના બજેટ પેટે ફાળવવામાં આવેલ રકમ રૂ.૫,૦૦,૦૦૦/– બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે. વધુમાં, કોનફરન્સમાં દેશભર તથા દેશ બહારથી પ્રતિનિધિઓ ભાગ લેવા આવતાં હોઈ તેઓને આપણી કચ્છી કળા અને સંસ્કૃતિથી વાકેફ કરાવીએ. આ અનુસંધાને કચ્છ ટુરિઝમ હેઠળ કાર્યક્રમનું આયોજન કરીએ જેમાં કચ્છ પ્રવાસ, કચ્છની સંસ્કૃતિ વેગેરે પર કાર્યક્રમો ગોઠવીએ અને ખર્ચ કચ્છ ટુરિઝમ એકિટવીટસ હેઠળ મળેલ ગ્રાન્ટમાં આકારવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૧૩. માનનીય કુલપતિશ્રીને સંબોધીને ભુજના એક નાગરિકે તા.૧૯/૧૧/૨૦૨૪ કરેલ અરજી કે, જેમાં બાયોટેકનોલોજિ વિષય ભુજની સાયન્સ કોલેજ મધ્યે શરૂ કરવા માંગણી કરેલ છે જે અન્વયે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ નં.૧૩ **સ્નાતક કક્ષાએ ઉકત વિષય શરૂ કરવાની રજૂઆત અરજીમાં કરેલ છે. તે સંદર્ભે યુનિવર્સિટી લેવલે હાલ આવી કોઈ કાર્યવાહિ કરવાની રહેતી નથી.**

૧૪. ગાંધીધામ કોલેજીયટ બોર્ડ સંચાલિત તોલાણી મોટવાણી ઈન્સ્ટીટ્યુટ ઓફ લો, આદિપુરની અનુસ્નાતક કક્ષાનો LL.M. અભ્યાસક્રમ શરૂ કરવા અત્રેને મળેલ અરજી અન્વયે ચર્ચા–વિચારણા અને નિર્ણય.

ઠરાવ નં.૧૪ **યુનિવર્સિટી કેમ્પસ પર ચાલતાં LL.M. અનુસ્નાતક ભવનમાં વિદ્યાર્થીઓની સંખ્યાને ધ્યાને લઈ ઉકત કોલેજને અનુસ્નાતક કક્ષાએ LL.M. અભ્યાસક્રમ શરૂ કરવા હાલમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માટે મંજૂરી આપવામાં આવતી નથી. ભવિષ્યમાં વિદ્યાર્થી સંખ્યાને ધ્યાને લઈ અને સંસ્થાની અરજી મળ્યે વિચારણા કરવામાં આવશે.**

૧૫. અધ્યક્ષ સ્થાનેથી અન્ય મુદ્દા રજૂ થાય તે.

૧. બિન શૈક્ષણિક કર્મચારીઓના યુનિફોર્મ સંદર્ભે બનાવવામાં આવેલ યુનિફોર્મ સમિતિનો અહેવાલ

ઠરાવ નં. ૧૫ **બિન શૈક્ષણિક કર્મચારીશ્રીઓના યુનિફોર્મ માટે સમકિત ટેક્ષટાઈલ્સ, ભૂજને વર્કઓડર દેવાયેલ. પાર્ટીએ જે યુનિફોર્મ સપ્લાય કર્યા તેમા યુનિવર્સિટીએ આપેલ વર્ક ઓર્ડર અનુસાર કાપડ કવોલિટી**

**તથા સિલાઈમાં ખૂબ પ્રશ્નો ઉદ્ભવેલ. જે અનુસંધાને યુનિફોર્મ સમિતિએ તપાસ બાદ અહેવાલ રજૂ કરેલ છે. જે અહેવાલ અનુસાર સંબંધિત પાર્ટીના કુલ બીલ પર ૨૦% રકમ પેનલ્ટી રૂપે કપાત કરી ચૂકવણું કરવા મંજૂરી આપવામાં આવે છે. સાથે જ સંબંધિત પાર્ટી સમકિત ટેક્ષટાઈલ્સ, ભૂજ સાથેનો કોન્ટ્રાકટ રદ કરી તેને બ્લેક લીસ્ટ કરવા કરેલ ભલામણને ગ્રાહય રાખી આગળની કાર્યવાહિ કરવા મંજૂરી આપવામાં આવે છે.**

૨. ખાસ કિસ્સામાં દિવ્યાંગ કેટેગરીની ભરતી કરવા બાબત.

(ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર અનુસંધાને ચર્ચા–વિચારણા)

**ઠરાવ નં.૧૬** તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ એક્ઝિકયુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ નં.૨૦ થી લેવાયેલ નિર્ણય.

(સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન અનુસાર ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પરિપત્ર દ્વારા દિવ્યાંગ જગ્યાઓ ભરવા સંદર્ભે આપણી યુનિવર્સિટીને તા.૨૮/૦૧/૨૦૨૫ ના પત્ર મોકલવામાં આવેલ છે અને તેમાં નિર્દિષ્ટ જગ્યાઓ ભરવા સંદર્ભે ચર્ચા–વિચારણાના અંતે,

દિવ્યાંગ જગ્યાઓ ભરવા સંદર્ભે સરકારશ્રીમાંથી પત્ર આવેલ એ પહેલા યુનિવર્સિટી દ્વારા તા.૦૮/૦૩/૨૦૨૪નાં રોજ ટીચીગ તેમજ નોન ટીચીગ જાહેરાત બહાર પાડી અરજીઓ મંગાવી લેવામાં આવેલ છે અને અરજીઓની સ્ક્રુટીની પણ થઈ ગયેલ છે. પરિણામે હાલ એક આસીસટન્ટ પ્રોફેસરની જગ્યા સિવાય અન્ય જગ્યા દિવ્યાંગજનોની ઉપલબ્ધ નથી અને તે સંદર્ભે અન્ય જગ્યાઓ ભરવા બાબતે ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગાંધીનગર પાસેથી માર્ગદર્શન મેળવીએ તેવું ઠરાવવામાં આવે છે.

વધુમાં, સરકારશ્રી દ્વારા જો દિવ્યાંગજનોની જગ્યાઓ આ અપાયેલ જાહેરાત પરની જગ્યાઓમાંથી ભરવી તેવો નિર્ણય સરકારશ્રીમાંથી આવે તો નીચે મુજબ ભરવાની રહેશે.

– ટીચીગ જગ્યાઓમાં હાલમાં બહાર પાડવામાં આવેલ જાહેરાત સંદર્ભે જયાં જગ્યા ભરવા સંબંધે અવકાશ જણાય ત્યાં તે જગ્યાએ દિવ્યાંગજનની ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવે છે. હાલ જે જાહેરાત આપવામાં આવેલ છે તેમાંથી ભરવાપાત્ર દિવ્યાંગજનોની જગ્યા અબાધિત કરીને બાકી રહેતી જગ્યાઓ ભરવી તેવું ઠરાવવામાં આવે છે.

– તે જ રીતે નોન ટીચીગની જે જગ્યાઓ ભરવાની બાકી છે તેમા પણ ઉપર સૂચવ્યા મુજબની દિવ્યાગજનોની જગ્યાઓ અનામત રાખી બાકી રહેતી જગ્યાઓ ભરવી તેવું ઠરાવવામાં આવે છે.

આ બાબતે નિર્ણય લેવાની સત્તા માનનીય કુલપતિશ્રીને સોંપવામાં આવે છે.)

**તા.૧૫/૦૨/૨૦૨૫ના રોજ મળેલ એક્ઝિકયુટીવ કાઉન્સિલની સભામાં લેવાયેલ નિર્ણયને સર્વાનુમતે બહાલ રાખવામાં આવે છે અને તે અનુસાર સરકારશ્રીમાંથી માર્ગદર્શન મેળવવાની કાર્યવાહિ હાથ ધરવા મંજૂરી આપવામાં આવે છે અને તે સંબંધે માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવામાં આવે છે.**

૩. કુલસચિવશ્રીની ભરતી પ્રક્રિયા અનુસંધાને આગળની કાર્યવાહિના ભાગરૂપ ઈન્ટરવ્યુ લેવા મંજૂરી આપવા બાબત તથા એક્ઝિક્યુટીવ કાઉન્સિલ દ્વારા માર્કિંગ સ્કિમને અપાયેલ મંજૂરીને /લેવાયેલ નિર્ણયને બહાલ રાખવા બાબત.

ઠરાવ નં.૧૭ તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ નં.૩૦ થી લેવાયેલ નિર્ણય.

(તા.૦૮/૦૩/૨૦૨૪ના રોજ અપાયેલ જાહેરતના અનુસંધાને કુલસચિવશ્રીની ભરતી પ્રક્રિયાની આગળની કાર્યવાહિના ભાગરૂપ ઈન્ટરવ્યુ માટે માર્કિંગ સ્કિમ મંજૂર રાખવાનું સર્વાનુમતે જણાવવામાં આવે છે.)

**તા.૧૫/૦૨/૨૦૨૫ ના રોજ મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભાના ઠરાવ નં.૩૦ થી કુલસચિવશ્રીની ભરતી પ્રક્રિયા સંબંધે મંજૂર કરવામાં આવેલ માર્કિંગ સ્કિમ સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે. કુલસચિવશ્રીની ભરતી પ્રક્રિયાની આગળની કાર્યવાહિના ભાગરૂપ નિયમાનુસાર ઈન્ટરવ્યુ પ્રક્રિયા હાથ ધરવા મંજૂરી આપવામાં આવે છે. વધુમાં, તા. ૧૭/૦૮/૨૦૨૪ ની બોર્ડ ઓફ મેનેજમેન્ટની સભાના ઠરાવ નં. ૦૬ થી સ્ટેચ્યુટ્સની – 7(2)(b) જોગવાઈ અનુસાર બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યપદ પર ડૉ. મનોજભાઈ સોલંકીનું નામ નકકી કરવામાં આવેલ. પરંતુ અનિવાર્ય સંજોગોના કારણે તેઓશ્રી ઈન્ટરવ્યુમાં ઉપસ્થિત રહી શકે તેમ ન હોઈ તેમના સ્થાને બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યપદ પર પ્રો.(ડૉ.) પી.એસ.હિરાણીની નિયુક્તિ કરવામાં આવે છે. જે અંગે આગળની કાર્યવાહિ હાથ ધરવા માનનીય કુલપતિશ્રીને સત્તા સોંપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.**

૪. પરીક્ષા નિયામકશ્રી, કચ્છ યુનિવર્સિટીને સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ની જોગવાઈઓ અનુસાર રૂા.૧૦,૦૦૦/– ની નાણાકિય સત્તાઓ તા. ૦૭/૦૧/૨૦૨૫ ના પત્રથી આપેલ છે જે બહાલ રાખવા બાબત.

ઠરાવ નં.૧૮ **સ્ટેચ્યુટ્સ–૨૦૨૪ની જોગવાઈઓ અનુસાર પરીક્ષા નિયામકશ્રી, કચ્છ યુનિવર્સિટીને સોંપવામાં આવેલ રૂા.૧૦,૦૦૦/– ની નાણાંકિય સત્તાઓ જોગવાઈઓ આધિન આપેલ હોઈ સર્વાનુમતે બહાલ રાખવાનું ઠરાવવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દા ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીના આભાર સાથે મિટીગ પૂર્ણ જાહેર કરવામાં આવી.

કુલસચિવ